"This newspaper publication and the data contained herein is intended for general public dissemination. Any reproduction, distribution, transmission, or republication of this content, in whole or in part, in any form or by any means, whether print, digital, electronic publication in any form, e-mail or web publications, or otherwise through any mode is strictly prohibited. Any unauthorized use of the above content through any mode may result in appropriate legal action by AHFL."

Place : Gujarat
Date : 30.10.2026

(Authorised Officer)
For Aadhar Housing Finance Limited

BHARAT PARENTERALS LIMITED

Corporate Identity Number (CIN): L24231GJ1992PLC018237
Survey No. 144-A, Jarod-Samlaya Road, Vill. Haripura, Tal. Savli, Vadodara-391520, Gujarat, India
Tel: +91 9909982332 Email: cs@bplindia.in ; Website: www.bplindia.in

STATEMENT OF UN-AUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2026.

Based on the recommendations of the Audit Committee, the Board of Directors of Bharat Parenterals Limited ("the Company") at their meeting held on October 29, 2026 have approved the un-audited standalone and consolidated financial results for the quarter and Year ended September 30, 2026

The aforementioned financial results along with Limited Review Report have been posted on Company's website at https://www.bplindia.in/img/investor-page/14/14B/Financial%20Results/2026-27/Q2_Financial%20Results%20BPL.pdfand can also be accessed by scanning a Quick Response Code.

Date: October 30, 2026
Place: Vadodara

For and behalf of Board of Directors of
Bharat Parenterals Limited
Sd/- **Mr. Bharatkumar Desai**
Chairman & Managing Director
DIN: 00552596

Note: The Above Information is in accordance with regulation 33 read with regulation 47(1) of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015.

ASEAN બેઠકમાં આતંકવાદ સામે કડક વલણનો પુનરોચ્ચાર

ઓપરેશન સિંદૂરથી દરિયાઇ સુરક્ષા સુધી ભારતની રણનીતિનો રાજનાથ સિંહે કર્યો ઉલ્લેખ

આતંકવાદ કોઈ એક દેશની સરહદો પૂરતો મર્યાદિત નથી. તેથી તેનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય

● નવી દિલ્હી, તા.૨૯

ભારતના રક્ષામંત્રી રાજનાથ સિંહે ફિલિપાઈન્સના સેબુ ખાતે યોજાયેલી ૧૩મી આસિયાન ડિફેન્સ મિનિસ્ટર્સ મીટિંગ પ્લસ (ADMM-Plus)માં સંબોધન કરતાં પ્રાદેશિક સુરક્ષા, આતંકવાદ વિરોધી સહયોગ અને દરિયાઈ સુરક્ષાના મુદ્દે ભારતની રણનીતિ રજૂ કરી હતી. તેમણે તમામ સ્વરૂપોમાં આતંકવાદના નિર્મૂલન માટે ભારતની પ્રતિબદ્ધતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે આતંકવાદ સામે લડવાનો ભારતનો અનુભવ દાયકાઓના વાસ્તવિક પડકારો અને કામગીરીમાંથી વિકસ્યો છે.

રાજનાથ સિંહે પોતાના સંબોધનમાં ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરીને આતંકવાદી માળખાં સામે ભારતની કાર્યવાહી અને સરહદ પારથી ઊભા થતા સુરક્ષા પડકારોનો સામનો કરવાની ક્ષમતા પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આતંકવાદ સામેની લડાઈમાં પ્રાદેશિક દેશો વચ્ચે સંયુક્ત કવાયતો, ક્ષમતા નિર્માણ અને ગુપ્તચર માહિતીની આપ-લે મહત્ત્વપૂર્ણ છે.

રક્ષામંત્રીએ જણાવ્યું હતું કે આતંકવાદ કોઈ એક દેશની સરહદો પૂરતો મર્યાદિત નથી. તેથી તેનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે. ભારત આસિયાનના ભાગીદાર દેશો સાથે પોતાનો વ્યવહારિક અનુભવ વહેંચવા અને આતંકવાદ વિરોધી ક્ષમતાઓ મજબૂત કરવા તૈયાર છે. આસિયાનના છઙ્ઘસ્સ્-ઁઙ્મેજ માળખા હેઠળ આતંકવાદ વિરોધી સહયોગને મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર ગણાવતાં તેમણે ભારત અને મલેશિયા ૨૦૨૪થી ૨૦૨૭ના સમયગાળા માટે આતંકવાદ વિરોધી નિષ્ણાત કાર્યકારી જૂથના સહ-અધ્યક્ષ હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

રાજનાથ સિંહે આસિયાનની કેન્દ્રીય ભૂમિકા અને સુરક્ષિત, ખુલ્લા, સમાવેશી તથા કાયદા આધારિત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ભારતનું આસિયાન સાથેનું વ્યૂહાત્મક જોડાણ પરસ્પર વિશ્વાસ, આદર અને સહયોગ પર આધારિત છે. તેમણે આસિયાન-ભારત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી તેમજ ૨૦૨૬થી ૨૦૩૦ના કાર્યયોજના હેઠળ સંરક્ષણ અને સુરક્ષા ક્ષેત્રે સહયોગ આગળ વધારવાની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો હતો. બેઠકની 'નેવિગેટિંગ અવર ફ્યુચર, ટુગેધર' થીમને અનુરૂપ તેમણે જણાવ્યું હતું કે પ્રાદેશિક પડકારોનો સામનો કરવા માટે દેશો વચ્ચે એકતા અને સામૂહિક જવાબદારી જરૂરી છે.

રક્ષામંત્રીએ વર્ષ ૨૦૨૬ને 'આસિયાન-ભારત દરિયાઈ સહયોગ વર્ષ' તરીકે ઉજવવાના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે બીજી આસિયાન-ભારત દરિયાઈ કવાયતનો ઉલ્લેખ કરીને દરિયાઈ સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વેપાર માર્ગોના રક્ષણ માટે સહયોગ વધારવાની જરૂરિયાત દર્શાવી હતી.

તેમણે જણાવ્યું હતું કે ભારત આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદા અને નેવિગેશનની સ્વતંત્રતાના સિદ્ધાંતોનું સમર્થન કરે છે. વર્ષ ૨૦૦૮થી ભારતીય નૌકાદળ એડનની ખાડી જેવા સંવેદનશીલ દરિયાઈ માર્ગોમાં સક્રિય હાજરી જાળવી રહ્યું છે. આ દરમિયાન ભારતીય નૌકાદળે અનેક વેપારી જહાજોને સુરક્ષા પૂરી પાડી છે અને દરિયાઈ ચાંચિયાગીરીના પ્રયાસોનો સામનો કર્યો છે.

રાજનાથ સિંહે ભારપૂર્વક જણાવ્યું હતું કે વૈશ્વિક વેપાર માર્ગોની સુરક્ષા માટે માત્ર નિવેદનો પૂરતાં નથી, પરંતુ સતત કામગીરી અને આંતરરાષ્ટ્રીય સહયોગ પણ જરૂરી છે. ભારત હિંદ મહાસાગર ક્ષેત્ર અને વ્યાપક ઈન્ડો-પેસિફિકમાં વિશ્વસનીય 'નેટ સિક્યુરિટી પ્રોવાઈડર' તરીકેની ભૂમિકા નિભાવતું રહેશે.

રક્ષામંત્રીએ સંયુક્ત રાષ્ટ્રના સમુદ્ર કાયદા સંમેલન (UNCLOS) અને દરિયાઈ માર્ગો પર અવરજવરની સ્વતંત્રતાના સિદ્ધાંતોનું મહત્ત્વ સમજાવ્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભારતની આ નીતિ કોઈ એક દેશને લક્ષ્ય બનાવતી નથી, પરંતુ ખુલ્લા દરિયાઈ માર્ગો અને સ્થિર દરિયાઈ વ્યવસ્થામાં તમામ દેશોના હિતોનું રક્ષણ કરવા માટે છે. તેમણે દરિયાઈ સુરક્ષા, શોધ અને બચાવ કામગીરી, માનવતાવાદી સહાય, સંરક્ષણ ક્ષમતા નિર્માણ અને વ્યાવસાયિક આદાનપ્રદાન જેવા ક્ષેત્રોમાં આસિયાનના દેશો સાથે સહયોગ વધારવાની તૈયારી પણ વ્યક્ત કરી હતી.

સંરક્ષણ સહયોગમાં યુવાનોની ભાગીદારી વધારવા પર ભાર મૂકતાં રાજનાથ સિંહે સમર્પિત સંરક્ષણ 'યૂથ બ્રિજ' સ્થાપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પહેલનો હેતુ યુવાનો વચ્ચે સંપર્ક વધારવો, ડિજિટલ નવીનતાને પ્રોત્સાહન આપવું અને સંરક્ષણ ક્ષેત્રે ક્ષમતા નિર્માણ માટે નવી તકો ઊભી કરવાનો છે.તેમના મતે, યુવાનોને પ્રાદેશિક શાંતિ અને સુરક્ષામાં યોગદાન આપવા માટે વધુ તકો પૂરી પાડવાથી શાંતિપૂર્ણ, સ્થિતિસ્થાપક અને સમૃદ્ધ ઈન્ડો-પેસિફિકના નિર્માણમાં મદદ મળી શકે છે.

આમ, આસિયાનની બેઠકમાં ભારતે આતંકવાદ વિરોધી સહયોગ, દરિયાઈ સુરક્ષા, આંતરરાષ્ટ્રીય કાયદાના પાલન અને યુવાનોની ભાગીદારી જેવા મુદ્દાઓને પ્રાદેશિક સ્થિરતા માટે મહત્ત્વપૂર્ણ ગણાવ્યા હતા.

વાઇબ્રન્ટ સમિટમાં આશરે ૨.૫ લાખ મુલાકાતીઓ માટે હાઇ-ટેક વ્યવસ્થા ઉભી કરાશે

● અમદાવાદ,તા.૨૯

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭ માટે નિર્ણય : હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે હાઈ-ડેન્સીટી વાઈ-ફાઈ અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી અપાશે.

ડિસેમ્બર ૨૦૨૬ થી જાન્યુઆરી ૨૦૨૭ સુધી ૪૦,૦૦૦થી વધુ ઉપકરણો માટે અવિરત ઈન્ટરનેટ કનેક્ટિવિટીનું આયોજન

ડ્યુઅલ ISP (ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર્સ) અને અત્યાધુનિક ફાયરવોલ સિસ્ટમ દ્વારા અવિરત અને સુરક્ષિત કનેક્ટિવિટી પૂરી પડાશે

સામાન્ય વપરાશકર્તાઓ, પ્રદર્શકો અને VIP મહેમાનો માટે અલગ-અલગ હાઈ-સ્પીડ ડાઉનલોડ મર્યાદાઓ નિર્ધારિત કરાશે

આગામી 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૭' ને ટેક્નોલોજીની દૃષ્ટિએ અત્યાધુનિક અને અવિરત ડિજિટલ કનેક્ટિવિટીથી સજ્જ કરવા માટે વહીવટી તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજાનાર આ વૈશ્વિક સ્તરના મહાસંમેલન માટે હાઈ-ડેન્સીટી મેનેજ્ડ વાઈ-ફાઈ અને રિડન્ડન્ટ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે સક્ષમ સર્વિસ પ્રોવાઈડરની પસંદગી કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સમિટમાં આવનારા અંદાજે ૨,૫૦,૦૦૦ જેટલા મુલાકાતીઓને એક સાથે ઓછામાં ઓછા ૪૦,૦૦૦ સક્રિય અને પ્રમાણિત ઉપકરણોને સીમલેસ ઈન્ટરનેટ સેવા પૂરી પાડવાનો છે. નિર્ણય અનુસાર, આ સમગ્ર વ્યવસ્થા ટર્નકી અને સંપૂર્ણ રીતે મેનેજ્ડ રેન્ટલ સર્વિસ મોડેલ પર આધારિત રહેશે. જેથી સત્તાધિકારીઓએ કોઈ કાયમી સાધન-સામગ્રી ખરીદવી ન પડે અને ઉત્કૃષ્ટ ગુણવત્તા જળવાઈ રહે. આ સેવાના દાયરામાં ઈન્ડોર અને આઉટડોર ઝોન, એક્ઝિબિશન હોલ, રજીસ્ટ્રેશન એરિયા, મીટીંગ ફેસિલિટીઝ, વીઆઈપી, વીવીઆઈપી ઝોન, મીડિયા અને ઓર્ગેનાઈઝરની સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અદ્યતન ડિજિટલ સેવાઓ ૧૫મી, ડિસેમ્બર ૨૦૨૬ થી ૧૫મી, જાન્યુઆરી ૨૦૨૭ સુધી કાર્યરત રહેશે. જ્યારે મુખ્ય સમિટ ૧૦મીથી ૧૨મી, જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન યોજાશે. આ વ્યાપક આયોજનથી વાઈબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૨૭ માં ભાગ લેનાર દેશ-વિદેશના મહેમાનો, ઉદ્યોગસાહસિકો અને નાગરિકોને વિશ્વસ્તરીય ડિજિટલ અનુભવ પ્રાપ્ત થશે.

આ પ્રોજેક્ટની સફળતા માટે કડક પર્ફોર્મન્સ બેન્ચમાર્ક નક્કી કરવામાં આવ્યા છે. જે મુજબ, નેટવર્ક અને વાઈ-ફાઈ સેવાઓની ઉપલબ્ધતા ઓછામાં ઓછી ૯૯.૯૦% થી ૯૯.૯૯% સુધી જાળવવાની રહેશે. કોઈપણ પ્રકારની ક્ષતિ કે નિર્ધારિત સમય મર્યાદામાં સેવા પૂરી પાડવામાં વિલંબ થાય તો કડક દંડ અને દંડાત્મક જોગવાઈઓનો અમલ કરવામાં આવશે.

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ભીલડીથી લઈને નર્મદા જિલ્લાના એકતાનગર સુધી વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે

● ગાંધીનગર, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ અને ૩૧ ઓક્ટોબરના રોજ બે દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના ભીલડીથી લઈને નર્મદા જિલ્લાના એકતાનગર સુધી વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેશે. પ્રવાસ દરમિયાન ખેડૂતો માટેની ઁસ્-કિસાન યોજનાનો ૨૪મો હપ્તો જાહેર કરવા ઉપરાંત ડેરી ઉદ્યોગ, બાયો-CNG ઉત્પાદન અને પશુ સંવર્ધન ક્ષેત્રના વિવિધ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ તથા ખાતમુહૂર્ત કરવામાં આવશે. પ્રવાસના બીજા દિવસે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં પણ વડાપ્રધાન ઉપસ્થિત રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦ ઓક્ટોબરે બનાસકાંઠાના ભીલડી ખાતે યોજાનારા કાર્યક્રમમાં PM-કિસાન યોજનાનો ૨૪મો હપ્તો જાહેર કરશે. આ અંતર્ગત દેશભરના પાત્ર ખેડૂત પરિવારોના ખાતામાં આર્થિક સહાયની રકમ સીધી જમા કરવામાં આવશે. ગુજરાતના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ આપેલી માહિતી અનુસાર, રાજ્યના ૫૨.૩૩ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૦૫૧ કરોડથી વધુની સહાય મળવાની છે.

પ્રવાસ દરમિયાન વડાપ્રધાન બનાસ ડેરી દ્વારા થરાદ અને રાધનપુરમાં સ્થાપિત થનારા બે કોમ્પ્રેસ્ડ બાયોગેસ (CBG) પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરશે. આ



પ્લાન્ટમાં ગાયના છાણનો ઉપયોગ કરીને બાયો-CNGનું ઉત્પાદન કરવામાં આવશે. બંને પ્લાન્ટ કાર્યરત થયા બાદ બનાસ મોડેલ હેઠળ બાયો-ઝદ્મય પ્લાન્ટની સંખ્યા છ થશે.

આ પ્લાન્ટની સંયુક્ત ક્ષમતા દરરોજ ૫૧૫ ટન ગાયના છાણના પ્રોસેસિંગની રહેશે. આ પ્રોજેક્ટ્સથી વૈકલ્પિક ઊર્જાના ઉત્પાદનને પ્રોત્સાહન મળવાની સાથે કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ મળવાની અપેક્ષા છે.

વડાપ્રધાન બનાસકાંઠામાં ભારતના ગાય સંવર્ધન અને સંશોધન કેન્દ્ર (BBBRC)નું પણ ઉદ્ઘાટન કરશે. રૂ. ૩૨૮.૭૭ કરોડના ખર્ચે વિકસાવવામાં આવેલા આ કેન્દ્રનો હેતુ ગાયોના સંવર્ધન અને સંશોધન ક્ષેત્રે કામગીરીને વેગ આપવાનો છે. આ ઉપરાંત બનાસ ડેરીના નવા બટાકા પ્રોસેસિંગ વિસ્તરણ પ્રોજેક્ટ અને ડેરીના અલ્ટ્રા હાઈ ટેમ્પરેચર (UHT) યુનિટમાં સ્થાપિત ઓટોમેટેડ સ્ટોરેજ એન્ડ રિલોડિંગ સિસ્ટમ (ASRS)નું પણ ઉદ્ઘાટન કરવામાં આવશે.

બનાસકાંઠાના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન ૩૦ ઓક્ટોબરની સાંજે એકતાનગર પહોંચશે. અહીં વિવિધ કાર્યક્રમો ઉપરાંત સરદાર વલ્લભભાઈ પટેલને સમર્પિત એકતા પરેડનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે એકતા પરેડ સાંજના સમયે યોજાવાની હોવાનું જણાવાયું છે. સરદાર પટેલના યોગદાનને ઉજાગર કરવા માટે એકતાનગરની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાશે.

પ્રવાસના બીજા દિવસે, ૩૧ ઓક્ટોબરે, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે યોજાનારા મુખ્ય કાર્યક્રમોમાં વડાપ્રધાન ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાની સાથે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો સંદેશ આપવામાં આવશે.

વડાપ્રધાનના બે દિવસીય પ્રવાસને લઈને સંબંધિત વિભાગો દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. બનાસકાંઠામાં કૃષિ અને ડેરી ક્ષેત્રના પ્રોજેક્ટ્સ તથા એકતાનગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી પ્રવાસનાં મુખ્ય આકર્ષણો રહેશે.

પ્રવાસના અંતિમ દિવસે વિવિધ કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાત્રે ૯:૧૦ કલાકે વડોદરા એરપોર્ટથી ખાસ વિમાન મારફતે દિલ્હી પરત જવા રવાના થશે.

પ્રધાનમંત્રીના ગુજરાત પ્રવાસનું સમયપત્રક

૩૦ ઓક્ટોબર, શુક્રવાર

સવારે ૭:૧૫ કલાકે દિલ્હીથી ગુજરાત જવા પ્રસ્થાન.

સવારે ૮:૪૫ કલાકે બનાસકાંઠાના ડીસા એરપોર્ટ પર આગમન.

સવારે ૮:૫૦ કલાકે હેલિકોપ્ટર મારફતે ભીલડી હેલિપેડ પર આગમન.

બનાસકાંઠામાં ET IVF લેબ અને મ્મ્ઈઝ્ર કેટલ ફાર્મની મુલાકાત.

જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

સવારે ૧૧:૪૦ કલાકે ભીલડીથી ગાંધીનગર જવા પ્રસ્થાન.

બપોરે ૧૨:૩૫ કલાકે ગાંધીનગરના સચિવાલય હેલિપેડ પર આગમન.

બપોરે ૧૨:૪૫થી ૩ વાગ્યા સુધી લોકભવનમાં રોકાણ.

બપોરે ૩ વાગ્યા બાદ એકતા નગર જવા પ્રસ્થાન.

૩૧ ઓક્ટોબર, શનિવાર

સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલિ.

એકતા નગરમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

રાષ્ટ્રીય એકતા દિવસના મુખ્ય સમારોહમાં ઉપસ્થિતિ.

રાત્રે ૯:૧૦ કલાકે વડોદરા એરપોર્ટથી દિલ્હી જવા પ્રસ્થાન.

પ્રધાનમંત્રીના આ બે દિવસીય પ્રવાસ દરમિયાન ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં વિવિધ વિકાસકાર્યોને વેગ આપવાના કાર્યક્રમો યોજાશે.

SHILCHAR TECHNOLOGIES LIMITED

Regd.Office : Near Muval Sub Station, Padra Jambusar Highway, Gavasad, Vadodara - 391430, Phone No +91 7624090901/2,
Email : info@shilchar.com Website : shilchar.com **CIN : L29308GJ1986PLC008387**

EXTRACT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30th SEPTEMBER, 2026

The Board of Directors of the Company, at the meeting held on 28th October, 2026, approved the Unaudited financial results of the Company for the quarter ended on 30th September, 2026 ("Financial Results").

The Unaudited Financial Results along with Limited Review Report, have been hosted on the Company's Website at https://shilchar.com/upload/power_investor_relations/outcome-of-board-meeting-28102026.pdf and can be accessed by scanning the QR code.

By order of the Board of Directors
For **SHILCHAR TECHNOLOGIES LIMITED**
Sd/-
ALAY SHAH
MANAGING DIRECTOR
(DIN :00263538)

Date : 28.10.2026
Place : Gavasad, Dist.Vadodara

STYRENIX PERFORMANCE MATERIALS LIMITED

CIN : L25200GJ1973PLC002436

Registered Office : 9th Floor, "Shiva", Sarabhai Complex, Dr. Vikram Sarabhai Marg, Vadiwadi, Vadodara - 390023, Gujarat. | Tel. No : +91 265 2303201 / 2303202
Email : secshare@styrenix.com | **Website :** www.styrenix.com

SPECIAL WINDOW FOR TRANSFER AND DEMATERIALISATION OF PHYSICAL SECURITIES

Notice is hereby given that pursuant to SEBI Circular HO/38/13/11(2)2026-MIRSD-POD/I/3750/2026 dated January 30, 2026 ("SEBI Circular"), an another a special window has been opened for a period commencing from February 05, 2026 to February 04, 2027 for transfer and dematerialization ("demat") of physical securities which were purchased prior to April 01, 2019 and had not lodged the shares for transfer; or had lodged the shares for transfer, but the same were rejected / returned / not attended due to deficiency in the documents / process / or otherwise.

Applicability of the Special Window :

For clarity with regard to applicability of this window, investors may refer to the below matrix :

Execution Date of Transfer Deed	Lodged for transfer before April 01, 2019?	Original Security Certificate Available?	Eligible to lodge in the current window?
Before April 01, 2019	No (it is fresh lodgement)	Yes	Yes (Subject to condition stated in the SEBI Circular)
	Yes (it was rejected / returned earlier)	Yes	
	Yes	No	No
	No	No	No

Further, the following cases will not be considered under this window :
- Cases involving disputes between transferor and transferee.
- Securities which have been transferred to Investors Education and Protection Fund (IEPF)

The securities transferred during this window period shall be credited in demat form and shall be under lock-in for a period of one year from the date of registration of transfer.

Investors who have missed the aforementioned timeline for re-lodging their documents for transfer of securities are requested to contact the Company's Registrar and Share Transfer Agent ('RTA'), MUFG Intime India Private Limited (Formerly Link Intime India Private Limited) at their email ID investor.helpdesk@in.mpms.mufg.com or at their office at "Geetakunj, 1, Bhakti Nagar Society, Behind Abs Tower, Old Padra Road, Vadodara - 390015 or the company at secshare@styrenix.com.

UPDATION OF KYC AND CONVERSION OF PHYSICAL SHARES INTO DEMATERIALISED FORM :

Shareholders holding equity shares in physical form are encouraged to update their KYC details and convert their physical shares into dematerialised (electronic) form. Holding shares in demat form offers multiple benefits and eliminates the risks associated with physical share certificates.

By order of the Board
For Styrenix Performance Materials Limited
sd/-
Chintan Doshi
Senior Manager Legal and Company Secretary

Date : October 29, 2026
Place : Vadodara

ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ

Diamines Quality driven

CIN No. : L24110GJ1976PLC002905
રજીસ્ટર્ડ ઓફિસ : પ્લોટ નં. ૧૩, પીસીસી એરિયા, પી.ઓ. પેટ્રોકેમિકલ્સ, વડોદરા-૩૯૧૩૫૦. ફોન : ૦૨૬૫-૩૫૩૪૨૦૦
Email : secretarial@dacl.co.in **Website :** www.dacl.co.in

નોટીસ

આ નોટીસ કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૧૨૪(૬) અને ઈન્વેસ્ટર એજયુકેશન એન્ડ પ્રોટેકશન ફંડ (IEPF) ઓથોરિટી (એકાઉન્ટીંગ, ઓડિટ, ટ્રાન્સફર એન્ડ રીફંડ) રૂલ્સ, ૨૦૧૬ કે જે તા.૭ મી સપ્ટેમ્બર, ૨૦૧૬ થી અમલમાં આવેલ છે તેની જોગવાઈઓ પ્રમાણે પ્રસિધ્ધ કરવામાં આવી છે. ઉપરોકત રૂલ્સ પ્રમાણે, જે શેરધારકોએ પોતાના શેર ઉપર સતત સાત વર્ષ સુધી ચૂકવાયેલું ડિવિડન્ડ પોતાના ખાતામાં જમા કરાવ્યું નથી તે IEPF માં તબદીલ (ટ્રાન્સફર) કરવાની જોગવાઈ છે.

આ રૂલ્સમાં કરાવેલી વિવિધ જોગવાઈઓ અન્વયે, જેમના શેર IEPF માં તબદીલ કરવાપાત્ર થાય છે, તે માટે લાગતા વળગતા બધા જ શેરધારકોને કંપનીએ તેમના છેલ્લા નોંધાયેલા સરનામા પર વ્યકિતગત રીતે પત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરવા જાણ કરી છે.

કંપનીએ આવા શેરધારકો અને IEPF માં તબદીલ થવાપાત્ર શેર્સની બધી વિગતો પોતાની વેબસાઈટ www.dacl.co.in ઉપર પણ મુકી છે. આ વિગતોમાં ૨૦૧૯-૨૦ (ઈન્ટરીમ) થી સતત સાત વર્ષ સુધી ડિવિડન્ડ ચુકવાયું નથી કે શેરધારક દ્વારા માંગણી કરાઈ નથી તેમજ જેમના શેર્સ કંપનીના સસ્પેન્સ ખાતામાં છે અને શેરધારક દ્વારા સતત સાત વર્ષ સુધી માંગણી કરાઈ નથી તેવા શેર્સની માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૭ સુધીમાં સંબંધિત શેરધારકો તરફથી કંપનીને કોઈ સુચના પ્રાપ્ત નહીં થાય તો નિયમોમાં કરાયેલી જોગવાઈ પ્રમાણે આ શેર્સ નિયત તારીખે તે નિયમોમાં આપેલી કાર્યપધ્ધતિ પ્રમાણે IEPF માં તબદીલ કરી દેવામાં આવશે.

જે શેરધારકો એમના શેર્સ પરત મેળવવા માંગતા હોય તેઓ IEPF ઓથોરીટીની વેબસાઈટ www.iepf.gov.in પર આપેલ વેબ ફોર્મ IEPF - 5 ભરીને પરત મેળવી શકશે.

જો શેરધારકોને આ વિષયમાં કે નિયમો અંગે કોઈ પ્રશ્ન હોય તો તેઓ કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ અથવા કંપનીના રજીસ્ટ્રાર એન્ડ શેર ટ્રાન્સફર એજન્ટ મેસર્સ એમયુએફજી ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ. (અગાઉની લીંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા.લિ.), "ગીતાકુંજ", ૧, ભક્તિનગર સોસાયટી, એબીએસ ટાવર્સની પાછળ, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૫, ટેલીફોન નં. (૦૨૬૫) ૩૫૬૬ ૭૬૮, ઈ-મેઈલ : investor.helpdesk@in.mpms.mufg.com નો સંપર્ક કરી શકશે.

જો કોઈ શેરધારકો તેમના શેર્સ ભૌતિક સ્વરૂપમાં ધરાવતા હોય અને KYC ની વિગતો એટલે કે પાન, પીન કોડ સાથેનું સરનામું, ઈ-મેલ આઈ.ડી., મોબાઈલ નંબર, બેંક ખાતાની વિગતો, સહીનો નમૂનો અને નામાંકન (નોમીનેશન)ની હજી નોંધણી કરાવી નથી તો તેમને નોંધણી માટે/KYC ની વિગતો અને નામાંકન બદલવા માટે સંબંધિત ફોર્મ જેવા કે ISR-1, ISR-2, ISR-3., SH-13 અને SH-14 ભરીને મોકલી આપવા વિનંતી છે. સદર ફોર્મ કંપનીની વેબસાઈટ https://dacl.co.in/investors-relation/#1718694013646-9a9b0439-eedf અને RTA ની વેબસાઈટ https://web.in.mpms.mufg.com/KYC-downloads.html Format for KYC ઉપર ઉપલબ્ધ છે.

બોર્ડના હુકમથી,
ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લિમિટેડ વતી,
સહી/-
હેમાક્ષી પવાર
કંપની સેક્રેટરી

સ્થળ : વડોદરા
તારીખ : ઓકટોબર ૨૯, ૨૦૨૬

આ એક્સપો દિલ્હીના યશોભૂમિ અને ગ્રેટર નોઈડાના ઈન્ડિયા એક્સપો માર્ટ ખાતે એમ બે સ્થળોએ યોજાશે

સીપીએચઆઈ અને પીએમઈસી ઈન્ડિયા ૨૦૨૬માં પશ્ચિમ ભારતના મેન્યુફેક્ચરિંગ હબ પર રહેશે વિશેષ ધ્યાન

● મુંબઈ, ૨૯ ઓક્ટોબર ૨૦૨૬

ભારતીય ફાર્માસ્યુટિકલ ક્ષેત્રની વૈશ્વિક સ્થિતિને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયા દ્વારા આયોજિત 'સીપીએચઆઈ ઈન્ડિયા' (CPHI) અને 'પીએમઈસી ઈન્ડિયા' (PMEC) ૨૦૨૬નું આયોજન દિલ્હી-એનસીઆરમાં બે અલગ-અલગ સ્થળોએ થવા જઈ રહ્યું છે. સીપીએચઆઈ ઈન્ડિયા ૨૩ થી ૨૫ નવેમ્બર દરમિયાન આઈઆઈસીસી યશોભૂમિ, દ્વારકા ખાતે અને પીએમઈસી ઈન્ડિયા ૨૪ થી ૨૬ નવેમ્બર દરમિયાન આઈઈએમએલ, ગ્રેટર નોઈડા ખાતે યોજાશે. આ આયોજનમાં ૧૨૦ થી વધુ દેશોના ૫૦,૦૦૦ થી વધુ ફાર્મા પ્રોફેશનલ્સ અને ૨,૦૦૦ થી વધુ પ્રદર્શકો ભાગ લેશે. આ સંયુક્ત આયોજનમાં એપીઆઈ (API), ફિનિશ્ડ ડોઝ, પેકેજિંગ, ઓટોમેશન, ક્લીનરૂમ ટેકનોલોજી અને લેબોરેટરી સિસ્ટમ્સ સાથે જોડાયેલી અત્યાધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવશે.

ભારતીય દવા ઉદ્યોગના વિસ્તરણ અને તકનીકી આધુનિકીકરણ પર ભાર મૂકતા ઈન્ફોર્મા માર્કેટ્સ ઈન ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી યોગેશ મુદ્રાસે જણાવ્યું હતું કે, "ભારતનો ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ તેની ઉત્પાદન ક્ષમતાઓ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાને સતત મજબૂત બનાવી રહ્યો છે. સરકારી આંકડા અનુસાર, ફાર્માસ્યુટિકલ દવાઓ માટે લાવવામાં આવેલી પીએલઆઈ યોજનાએ માર્ચ ૨૦૨૬ સુધીમાં અંદાજે ૧.૧૫ લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, જે આ ક્ષેત્રની ઉત્પાદન ક્ષમતા દર્શાવે છે. એપીઆઈ, ફોર્મ્યુલેશન, ઓટોમેશન અને ગુણવત્તા પ્રણાલીઓમાં રોકાણના વધતા મહત્વને જોતાં, આ ઈવેન્ટ ઉદ્યોગ સાથે સંકળાયેલા હિતધારકોને ભાગીદારી શોધવા, ચોક્કસ ઉકેલો મેળવવા અને સમગ્ર ફાર્માસ્યુટિકલ વેલ્યુ ચેઈનમાં નવી વ્યાપારિક તકો હાંસલ કરવા સક્ષમ બનાવશે."

આ મંચ ખાસ કરીને પશ્ચિમ ભારતના ફાર્માસ્યુટિકલ ઈકોસિસ્ટમને નવી ઊંચાઈ આપવા પર કેન્દ્રિત રહેશે. મહારાષ્ટ્ર અને ગુજરાત દેશના દવા ઉત્પાદન અને નિકાસના મુખ્ય કેન્દ્રો છે, જ્યાં મુંબઈ, પુણે, અમદાવાદ, વડોદરા અને અંકલેશ્વર જેવા ક્લસ્ટરો એપીઆઈ, ફોર્મ્યુલેશન અને અદ્યતન મશીનરીમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે. ગોવાના ઉત્પાદન આધાર સાથે મળીને પશ્ચિમ ક્ષેત્ર ભારતના ₹૪.૭૨ લાખ કરોડના ફાર્મા ટર્નઓવર અને ૩૦.૫ અબજ ડોલરની નિકાસને વેગ આપવામાં મુખ્ય આધારસ્તંભ બન્યું છે.

પશ્ચિમ ભારતના ઉત્પાદકો અને સીડીએમઓ (CDMOs) માટે આંતરરાષ્ટ્રીય ખરીદદારો અને ટેકનોલોજી પ્રદાતાઓ સાથે સીધા જોડાવાની આ એક ઉત્તમ તક હશે. આ એક્સપોમાં ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝ, અકુમ્સ ડ્રગ્સ, હેટરો લેબ્સ, આઈએમસીડી ઈન્ડિયા, એસીજી પેમ અને પાર્લે ગ્લોબલ ટેક્નોલોજીસ જેવી અગ્રણી કંપનીઓ ભાગ લેશે, જેમને ઓપીપીઆઈ (OPPI), આઈપીઈસી ઈન્ડિયા (IPEC India) અને બીડીએમએઆઈ (BDMAI) જેવા અગ્રણી ઔદ્યોગિક સંગઠનોનું વ્યાપક સમર્થન પ્રાપ્ત છે.

૧૭ સભ્યોની ટીમે રાષ્ટ્રીય એકતા દિવસ માટે સ્ટેચ્યુ ઓફ યુનિટી જતાં પહેલાં સંસ્કૃતિ, ઇતિહાસ અને સહકારી ક્ષેત્રના વિકાસનો અનુભવ મેળવ્યો

પાવાગઢથી સ્ટેચ્યુ ઓફ યુનિટી: છત્તીસગઢના પ્રતિનિધિમંડળે ગુજરાતના વારસા અને વિકાસની મુલાકાત લીધી



● વડોદરા, તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૬

જીવનના વિવિધ ક્ષેત્રોનું પ્રતિનિધિત્વ કરતી ત્રણ મહિલાઓ સહિત છત્તીસગઢના ૧૭ સભ્યોના પ્રતિનિધિમંડળે વડોદરાના ભવ્ય લક્ષ્મી વિલાસ પેલેસ અને મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમની મુલાકાત સાથે તેમના વડોદરા પ્રવાસનું સમાપન કર્યું હતું.

ત્યારબાદ આ ટીમ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે ૩૧ ઓક્ટોબરે યોજાનારી યુનિટી માર્ચ અને 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ઉજવણીમાં ભાગ લેવા કેવડિયા સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી જવા રવાના થઈ હતી.

ગુજરાતની તેમની આ પ્રથમ મુલાકાત દરમિયાન, પ્રતિનિધિમંડળે પોતાના પ્રવાસની શરૂઆત પાવાગઢ સ્થિત પવિત્ર માં કાલી મંદિર અને યુનેસ્કો (UNESCO) વર્લ્ડ હેરિટેજ સાઈટ ચાંપાનેરથી કરી હતી. બીજા દિવસે આ ટીમે કરમસદ સ્થિત સરદાર પટેલ સ્મારકની મુલાકાત લીધી હતી, જ્યાં સભ્યોએ ભારતના અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના જીવન, તેમના વારસા અને રાષ્ટ્રીય એકતામાં તેમના યોગદાન વિશે માહિતી મેળવી હતી. આ પ્રતિનિધિમંડળે આણંદ સ્થિત અમૂલની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે ચોકલેટ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની મુલાકાત સાથે ડેરી સહકારી ચળવળ, દૂધ પ્રોસેસિંગ અને માર્કેટિંગ વિશે ઊંડાણપૂર્વક સમજ મેળવી હતી.

છેલ્લા દિવસે પ્રતિનિધિમંડળે ભવ્ય લક્ષ્મી વિલાસ પેલેસની મુલાકાત લીધી હતી અને પેલેસના ભવ્ય સ્થાપત્યની પ્રશંસા કરી હતી. તેમણે મ્યુઝિયમમાં ચિત્રો, પોટ્રેટ, શિલ્પો અને કળાકૃતિઓના સંગ્રહને નિહાળીને શહેરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને બિરદાવ્યો હતો.

આ પ્રવાસે ટીમને ગુજરાતના આધ્યાત્મિક વારસા, સ્થાપત્યની ભવ્યતા, સાંસ્કૃતિક સમૃદ્ધિ અને સહકારી ક્ષેત્ર આધારિત વિકાસનો અનુભવ કરવાની તક પૂરી પાડી હતી. રાજ્યના વારસા અને વૈવિધ્યથી પ્રભાવિત થઈને, સભ્યોએ પોતાના અનુભવની પ્રશંસા કરી હતી અને ફરીથી ગુજરાતની મુલાકાત લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ઐતિહાસિક નિર્ણય

જંબુસર બલ્ક ડ્રગ પાર્ક માટે વિશિષ્ટ પ્રોત્સાહક યોજના જાહેર

● અમદાવાદ,તા.૨૯

ગુજરાત સરકારે ભરૂચ જિલ્લાના જંબુસર ખાતે સ્થપાનારા બલ્ક ડ્રગ પાર્કમાં ઔદ્યોગિક એકમોને સહાય માટે એક વિશિષ્ટ ઈન્સેન્ટિવ યોજના મંજૂર કરી છે. આ નિર્ણય ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગમાં ભારતની આત્મનિર્ભરતા વધારવા અને મહત્વપૂર્ણ એક્ટિવ ફાર્માસ્યુટીકલ ઈંગ્રેડિસેંટ્સ (છઁૈં), કી સ્ટાર્ટિંગ મટેરીયલસ (દ્ભજીસ્) અને ડ્રગ ઈન્ટરમેડીએટ્સની વિદેશી આયાત પર નિર્ભરતા ઘટાડવાની દિશામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે. ભારત સરકારની બલ્ક ડ્રગ પાર્ક્સને પ્રોત્સાહન આપવાની ફ્લેગશિપ યોજના હેઠળ ભરૂચના જંબુસર ખાતે આશરે ૨,૦૧૫ એકરમાં આ વિશ્વકક્ષાનું પ્લગ-એન્ડ-પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈકોસિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. ઉત્પાદકો માટે કેપિટલ અને ઓપરેટિંગ ખર્ચમાં મોટો ઘટાડો કરવા માટે અહીં ૧૦ થી વધુ અત્યાધુનિક કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. જેમાં કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ઝ્રઈ્) અને ઝ્રજીઁ, સ્ટીમ જનરેશન અને ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક, સોલવન્ટ રિકવરી ફેસિલિટીઝ અને જીઙ્ઘહ્લ સુવિધા, ડીપ-સી ડિસ્પોઝલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ સેન્ટર ઓફ એક્સેલન્સ અને મજબૂત મલ્ટિમોડલ લોજિસ્ટિક્સ નેટવર્ક જેવી સુવિધાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ યોજના હેઠળના મુખ્ય આર્થિક પ્રોત્સાહનોમાં રોકાણકારોને તેમની પ્રોજેક્ટ જરૂરિયાતો અનુસાર વિશિષ્ટ 'બલ્ક ડ્રગ પાર્ક સ્કીમ' અથવા 'વિકસિત ગુજરાત ઔદ્યોગિક નીતિ, ૨૦૨૬' હેઠળ લાભ મેળવવાની અનુકૂળતા આપવામાં આવી છે.